Saarth E-Journal

# Saarth E-Journal of Research

Email:sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No. 09

Impact Factor
Quarterly
July-Aug-Sep 2023

## પ્રવાસન અને તેની વિશેષતાઓ

કાજી સબીહાબાનું અબ્દુલગફ્ફાર

**સારાંશ:**

પ્રવાસ શબ્દ સાંભળતાં જ અલગ-અલગ કેટલાંય ચિત્રો મનમાં ઉપસી આવે, મન નાચી ઊઠે અને પગ ઉતાવળા થઈ જાય. એ એટલો વિશાળ શબ્દ છે કે જેનો અર્થ ટુંકમાં સમજાવવો મુશ્કેલ લાગે, તેમ છતાં જો પ્રવાસનો અર્થ કહેવો હોય તો પ્રવાસ એટલે સ્થળે સ્થળે ફરવું. પ્રવાસને દેશાટન પણ કહે છે. જેમાં દેશનો અર્થ થાય છે સ્થાન અને અટનનો અર્થ થાય છે ફરવું. પરંતુ પ્રવાસ એટલે માત્ર ફરવું એટલો સીમિત અર્થ ના કરી શકાય. કોઈપણ સ્થળને જાણવું, માણવું અને થોડા સમય માટે એને મનભરીને જીવી લેવું એનું નામ 'પ્રવાસ'. પૃથ્વી પરના દરેક ભૂમિભાગો પ્રાકૃતિક દૃષ્ટિએ એકબીજાથી અલગ પડે છે. દરેક પ્રદેશના લોકજીવન, રહેણીકરણી, સજીવસૃષ્ટિ અને વનસ્પતિઓમાં વૈવિધ્ય જોવા મળે છે. કોઈક વિસ્તારમાં ઊંચા પર્વતો તો વળી કોઈ વિસ્તારમાં વેરાન રણ કે સપાટ મેદાની પ્રદેશો જોવા મળે છે. ક્યાંક હિમાચ્છાદિત શિખરો તો ક્યાંક ખળખળ વહેતી નદીઓ જોવા મળે છે. દરેક વિસ્તારના લોકો અને પ્રાણીઓમાં પણ વિવિધતા જોવા મળે છે. આ વિવિધતાઓ લોકોને અલગ-અલગ સ્થળોના પ્રવાસ માટે આકર્ષે છે.

**મુખ્ય શબ્દો:** પ્રવાસ, અર્થ, મહત્વ, વિશેષતાઓ, ફાયદાઓ.

**પ્રસ્તાવના:**

"સૈર કર દુનિયાકી ગાફિલ, જિંદગાની ફિર કહાં.
જિંદગાની અગર રહી તો, નૌજવાની ફિર કહાં."

પ્રખ્યાત ઉર્દૂ શાયરની આ પંક્તિઓ આપણને પ્રવાસનું મહત્વ સમજાવી જાય છે. જન્મથી લઈને મૃત્યુ સુધી ચાલતા એકધારા જીવનને ઉત્સવો, પ્રસંગો, મેળાઓ અને પર્યટન આનંદમય અને યાદગાર બનાવે છે. માનવજીવનમાં હંમેશા પ્રવાસનું આગવું સ્થાન રહ્યું છે પછી તે આદિમાનવનો સમય હોય કે અત્યારનો ટેક્નોલોજીનો સમય હોય. જીવનના દરેક તબક્કે પ્રવાસનું અલગ મહત્વ હોય છે.

પ્રવાસન એ એકવીસમી સદીમાં ખૂબ જ ઝડપથી વિકસતું ક્ષેત્ર છે. પ્રવાસન ક્ષેત્રનો વ્યવસાય કે પ્રવૃતિ એ આંતરરાષ્ટ્રીય અર્થતંત્રની દ્રષ્ટિએ મહત્વનુ ઘટક છે. પ્રવાસન કેટલાક મહત્વના ઘટકો ધરાવે છે જેમકે પ્રવાસન સ્થળ, પ્રવાસ આકર્ષણ, સાઇટ્સ, રહેઠાણ અને અન્ય સહાય પ્રવૃત્તિઓ, વગેરે તેથી જ પ્રવાસન ક્ષેત્રનું સંચાલન અનિવાર્ય બને છે. પ્રવાસ ક્ષેત્રની પ્રવૃત્તિઓના સંચાલનને પ્રવાસન સંચાલન કહે છે.

પ્રવાસનને સારી રીતે સમજવા માટે પ્રવાસનના પ્રકારો, ભૌગોલિક પર્યાવરણીય સ્થિતિ, ભૌગોલિક સામાજિક પરિસ્થિતી, પ્રવાસન સ્થળનું વિશેષ જ્ઞાન, પ્રવાસની અસરો વગેરેનો અભ્યાસ ખૂબ જ જરૂરી છે. પ્રવાસનને પ્રવાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રવાસન પ્રવૃત્તિઓમાં પ્રવાસન એજન્ટ અને મુલાકાતીઓ વચ્ચેના સંબંધોનું ઘણું મહત્વ છે.

## પ્રવાસનની વ્યાખ્યા:

"પ્રવાસન એ એવી આયોજિત પ્રક્રિયા છે કે જ્યાં પ્રવાસીઓ કોઈપણ પરિવહનના માધ્યમનો ઉપયોગ કરીને એક સ્થળેથી બીજા સ્થળે ખાસ કરીને આનંદ પ્રમોદ અને ખુશી મેળવવાના હેતુથી જાય છે."

## પ્રાચીનકાળમાં પ્રવાસ:

આદિમાનવના સમયથી માનવજીવનમાં પ્રવાસનું આગવું સ્થાન રહ્યું છે. આદિમાનવ ભટકતું જીવન ગાળતા અને ખોરાકની શોધમાં એક જંગલથી બીજા જંગલનો પ્રવાસ કરતા. મુસાફરીના સાધનોના અભાવે તેઓ શરૂઆતના તબક્કે ભટકતું જીવન ગાળતા હતા. સુવિધાઓના અભાવે મુસાફરીના માર્ગમાં અનેક અડચણો આવતી જેના ડરથી તેઓ હંમેશા ટોળાંમાં જ મુસાફરી કરવા નીકળતા. ખૂબ ટૂંકી મુસાફરીમાં પણ લાંબો સમય વહી જતો. ત્યારબાદ ધીમે ધીમે તેઓ ઘોડા, ઊંટ જેવા પ્રાણીઓની મદદથી મુસાફરી કરતા થયા હશે. તેમના પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભોજનની શોધ જ હતો, પરંતુ સતત પ્રવાસના લીધે તેઓ ઘણા વિસ્તારોમાં પ્રાણીઓ અને વનસ્પતિઓની વિશેષતાઓથી પરિચિત હતા. તેમનું પ્રવાસી જીવન જ તેમને નદીકિનારે સ્થાયી જીવન સુધી દોરી લાવ્યું હતું. આમ, જોવા જઈએ તો સ્થાયી જીવનની શરૂઆત માટે પણ એમનું પ્રવાસી જીવન જ મદદરૂપ સાબિત થયું ગણાય.

## પ્રવાસનનું મહત્વ અને વિશેષતાઓ:

- સતત એકધારા જીવનથી માણસ થાકી જાય છે. પૈસા અને સુવિધાઓ પાછળ આંધળી દોડ જીવનને નીરસ બનાવી દે છે. આધુનિક સમયમાં જીવન ખૂબ જ ભાગ-દોડ વાળું બની ગયું છે. આવા નીરસ જીવનને જીવંત અને ખુશનુમા બનાવવા પ્રવાસ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. વ્યક્તિ જ્યારે પ્રવાસ માટે જાય છે ત્યારે તે ત્યાંની નવી-નવી વસ્તુઓ, સ્થાનો, ભવ્ય બાંધકામ, નદીઓ, પર્વતો, ઝરણાં, વૃક્ષો વગેરે જુએ છે. સુંદર શહેરો, બગીચાઓ, પ્રાકૃતિક સૌંદર્ય અને પર્વતીય સ્થળો એમના મનને આનંદ આપે છે. એનાથી વ્યક્તિનું મનોરંજન થાય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. ઉનાળામાં અસહ્ય ગરમીથી બચવા ઊંચાંણવાળા પર્વતીય સ્થળોએ ફરવા જાય છે. વિવિધ સ્થળોની મુસાફરીથી ત્યાંનું લોકજીવન, રહેણીકરણી, પહેરવેશ વગેરે વિશે જાણે છે. જેનાથી આત્મીયતાની ભાવના જાગે છે.
- જીવનના દરેક તબક્કે પ્રવાસનું આગવું મહત્વ રહેલું હોય છે. વિદ્યાર્થી જીવનમાં નવું નવું જાણવાની જિજ્ઞાસા હોય છે. કોઈપણ ઐતિહાસિક સ્થળો અને પ્રાકૃતિક સ્થળો વિશે માત્ર પુસ્તકોમાંથી વાંચીને જાણવા કરતાં ઐતિહાસિક અને પ્રાકૃતિક મહત્વ ધરાવતાં સ્થળોના પ્રત્યક્ષ પ્રવાસથી ઘણું વિશેષ જાણવા મળે છે. કોઈપણ સ્થળની ભૌગોલિક પરિસ્થિતિ, ત્યાંનું લોકજીવન, પ્રાકૃતિક વિશેષતાઓ વગેરે વિશે ઘણું બધું જાણી શકાય છે. વાંચેલું ભૂલી જવાય છે પણ પ્રત્યક્ષ જોયેલું હંમેશા યાદગાર બની રહે છે. પ્રાકૃતિક મહત્વ ધરાવતાં જંગલો,

ઉદ્યાનો, જળાશયો, નદીકિનારાના સ્થળો, પ્રાણી સંગ્રહાલયો વગેરે સ્થળોના પ્રવાસથી બાળકો પ્રકૃતિથી પરિચિત થાય છે. તેમની જિજ્ઞાસા સંતોષાય છે. તેમનામાં પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણનું જતન કરવાના ગુણો વિકસે છે.

- યુવાનીમાં મિત્રો સાથે ફરવાની અને જીવનની એ પળોને યાદગાર બનાવવાની અલગ જ મજા હોય છે. મુક્તપણે ફરવાની અને જીવનનો ભરપૂર આનંદ માણવાની મજા મિત્રો સાથેના પ્રવાસમાં જ મળે છે. આજના સમયમાં મુસાફરી માટેની સુવિધાઓના લીધે ખૂબ ઓછા સમયમાં દૂરના પ્રવાસન સ્થળો સુધી પહોંચી શકાય છે. પ્રવાસન સ્થળોએ વિવિધ રાઇડ્સ અને મનોરંજનના સાધનો પ્રવાસનો આનંદ અનેકગણો કરી દે છે. આજકાલ સાહસિક પ્રવાસીઓ પોતાના જીવનના જોખમે પણ પ્રાકૃતિક દૃષ્ટિએ અલગ જ વિશેષતા ધરાવતા સ્થળોનો પ્રવાસ કરતા થયા છે. હિમાલયના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટને પણ સર કરી ચૂક્યા છે.

- **પ્રવાસનથી થતાં ફાયદાઓ:**
  - સ્થાનિક લોકો માટે રોજગારીનું સર્જન થાય છે. જેમાં, કૃષિ ઉત્પાદન, રેલ્વે, પરિવહન, હોટેલ, રેસ્ટોરન્ટ વગેરે સાથે સંકળાયેલા લોકોને રોજગારીની તકો ઊભી થાય છે.
  - પ્રવાસનથી આંતરરાષ્ટ્રીય સંપર્કો શક્ય બને છે. જેના દ્વારા અલગ દેશો કે પ્રદેશોના લોકો એકબીજા સાથેના વિચારોનું આદાન-પ્રદાન સરળતાથી કરી શકે છે.
  - પ્રવાસન ક્ષેત્ર સેવા ક્ષેત્ર હોવાથી પ્રત્યક્ષ રીતે જ સેવા ક્ષેત્રનો વિકાસ થાય છે. જેમાં, એરલાઇન્સ, હોટેલ, રેલ્વે વગેરેના વિકાસથી રાષ્ટ્રના સેવા ક્ષેત્રમાં નોંધપાત્ર વધારો થાય છે.
  - વિદેશી હૂંડિયામણની આવકમાં નોંધપાત્ર હિસ્સો પ્રદાન કરે છે.
  - પ્રવાસન એ રોજગારીનું સર્જન કરનાર ઉદ્યોગ હોવાથી નાના પાયા પરના ઉદ્યોગોના વિકાસને ઉત્તેજન પૂરું પડે છે.
  - વિવિધ દેશોના લોકો પ્રવાસન દરમિયાન એકત્ર થતાં હોવાથી સાંસ્કૃતિક એકતાનું સંવર્ધન થાય છે. પ્રવાસન દ્વારા સાંસ્કૃતિક એકતા શક્ય બને છે.

આ ઉપરાંત, જીવન ધોરણમાં સુધારો થાય છે, નવો શૈક્ષણિક અનુભવ મળે છે, મૂલ્યો અને ધોરણોમાં હકારાત્મક પરીવર્તન આવે છે, જુદા સમાજના લોકો વચ્ચે વિચારોમાં સામ્યતા આવે છે, વગેરે.

- **પ્રવાસનના ગેરફાયદા:**
  - પ્રવાસનના ગેરફાયદા નીચે મુજબ ગણાવી શકાય.પ્રવાસનથી નકારાત્મક આર્થિક અસરો જોવા મળે છે. જેમકે, માલ અને સેવાની કિંમતમાં વધારો, જમીન અને મકાનની કિંમતમાં ફુગાવો, જીવન નિર્વાહ ખર્ચમાં વધારો, વધારાની માળખાગત સુવિધાઓ માટે ખર્ચ, રસ્તાઓના બાંધકામ અને જાળવણીના ખર્ચમાં વધારો, નજીવા વેતનવાળી રોજગારીનું સર્જન, વગેરે.
  - પ્રવાસનથી પર્યાવરણીય સમસ્યાઓ સર્જાય છે. જેમાં પર્યાવરણીય પ્રદૂષણ (હવા, પાણી, અનાજ, ખોરાક વગેરેનું પ્રદૂષણ). કૃષિ ક્ષેત્રની જમીનમાં ઘટાડો, ખુલ્લી જગ્યાના અભાવની સ્થિતિ, પાણીની સમસ્યાનો ઉદ્દભવ અને પાણીનો બગાડ, વગેરે.
  - નકારાત્મક સાંસ્કૃતિક અને સામાજિક અસરો. જેમાં, વધુ પડતાં દારૂનું સેવન, જુગારી પ્રવૃત્તિઓને ઉત્તેજન, ગુનાખોરીમાં વધારો, સામાજિક અને રાજકીય સમસ્યાઓ, વગેરે.

**સમાપન:**

આમ, પ્રવાસન દ્વારા માનવી પોતાની માનસિક જરૂરિયાતો સંતોષે છે. નવા પ્રવાસન સ્થળની મુલાકાતથી ખૂબ જ રોમાંચિત થાય છે અને સુખદ અનુભૂતિ કરે છે, તાજગી અનુભવે છે, આવા સુખદ તેમજ નવા રસપ્રદ અનુભવથી જીવનમાં સંતોષ પ્રાપ્ત કરે છે. ખરેખર આજના ભાગદોડ અને તણાવયુક્ત જીવનમાં પ્રવાસનું મહત્વ અનેક ગણું વધી ગયુ છે. પ્રવાસ પર્યટન થકી જ લોકોમાં સાંસ્કૃતિક વારસા પ્રત્યે ગૌરવ, પ્રકૃતિપ્રેમ અને ભાઈચારાની ભાવના જન્મે છે. આમ પ્રવાસથી વ્યક્તિની સાથે સાથે સમાજને અને દેશને પણ ખૂબ જ ફાયદો થાય છે. આથી દરેક દેશોમાં પ્રવાસનું મહત્વ ખૂબ જ વધી રહ્યું છે. ભારત સરકાર દ્વારા પ્રવાસન સ્થળોના વિકાસ અને પર્યટકોની સુવિધા માટે પ્રવાસન વિભાગ સતત પ્રયત્નશીલ રહે છે.

**સંદર્ભ સૂચિ:**


1. વાણિજ્ય સંચાલન – પોપ્યુલર પ્રકાશન, સુરત.
2. Pandey B.K., Rural Development Towards Sustainability (In 3 Volumes), ISHA Books-Delhi, pg. 29
3. ચૌહાણ લલિત એમ, "ગુજરાત પ્રવાસન ઉદ્યોગનો વિકાસ, પ્રશ્નો અને ભાવિ", મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, પૃષ્ઠ – ૧
4. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, પ્રવાસન ક્ષેત્ર માટેની પુસ્તિકા, ગાંધીનગર, પૃષ્ઠ- ૫
5. Pandey B.K., Rural Development Towards Sustainability (In 3 Volumes), ISHA Books-Delhi, Page-31
6. Gujarat Tourism Policy 2003 – 2010, Page-1